પરિપત્ર:-

વિષય : "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ (NSS DAY – 2025) ની ઉજવણી સંદર્ભ સ્વયંસેવકોના નામ મોકલવા બાબત.

સંદર્ભ : (1) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર પત્ર ક્રમાંક ૨સય/યુનિ./Nss day૨૦૨૫ /૯૮૬૫ -૯૯૪૦ તા.૧૫/૦૯/૨૦૨૫

(2) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર પત્ર ક્રમાંક ૨સય/યુનિ./nss day ૨૦૨૫ /૯૯૪૧-૧૦૦૧૪ તા.૧૫/૦૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સને જણાવવાનું કે, ૨૪ સપ્ટેમ્બરનો દિવસ "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.આગામી રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી **સરદાર પટેલ યુનિવર્સિટી, એમ.પી.પટેલ ઓડીટોરીયમ,વલ્લભ વિદ્યાનગર, આણંદ** ના યજમાનપદે **તા.૨૨/૦૯/૨૦૨૫ થી તા.૨૪/૦૯/૨૦૨૫** દરમિયાન કરવામાં આવનાર છે. **NSS DAY – 2025** ની ઉજવણી અંતર્ગત આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્રમાં દર્શાવેલ સ્પર્ધાઓનું આયોજન આપની કોલેજ કક્ષાએ કરી પ્રથમ ક્રમે આવનાર સ્વયંસેવકોની કૃતિઓનો ફોટોગ્રાફસ અને વિડીયોગ્રાફી તથા સામેલ એક્સેલ શીટમાં વિગત ભરી અત્રેની યુનિવર્સિટીના એન.એસ.એસ. સેલના ઈ-મેઈલ nss@bknmu.edu.in પર ના તા.૧૭/૦૯/૨૦૨૫ સાંજના ૦૪:૦૦ વાગ્યા સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં જાણવાનું કે ગરબા સિવાયની સ્પર્ધાઓ માટે કોલેજ દીઠ પ્રથમ ક્રમે આવનાર નામની યાદી અને ગરબા હરીફાઈ માટે કોલેજમાંથી કુલ ૧૦ સ્વયંસેવકોનાં નામની યાદી મોકલવાની રહેશે. "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"-૨૦૨૫ ની ઉજવણીમાં મોકલવા માટે સ્વયંસેવકોની પસંદગી કરવાનો આખરી નિર્ણય ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કક્ષાએથી લેવામાં આવશે.

નોધ: "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ-૨૦૨૫" ની ઉજવણી માટે પસંદ કરવામાં આવેલ જુદી જુદી સ્પર્ધાઓની યાદી તેમજ સ્પર્ધાના નિયમો આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્રમાં દર્શાવેલ છે, જેની ખાસ નોધ લેવી

એક્સેલ સીટની લીંક :
https://docs.google.com/spreadsheets/d/1FrY5IlOBksyNo9N_IxUQcF8InFF3I3av/edit?usp=drive_link&ouid=107008368013776057089&rtpof=true&sd=true

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૦૯/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૧૫/૦૯/૨૦૨૫

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.....

બિડાણ :
- સંદર્ભદર્શિત પત્ર

નકલ રવાના જાણ અર્થે :
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, બીકેએનએમયુ, જૂનાગઢ તરફ....
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. સેલ, અમદાવાદ / ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
- આઈ.ટી. સેલ (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

:રસય/યુનિ./NSS Day 2025/૮૮૫૫ ૮૮૪૦ તા. ૧૧/૦૯/૨૦૨૫

પ્રતિ ,
એન.એસ.એસ પ્રોગામ કો-ઓર્ડીનેટરશ્રી,
તમામ એન.એસ.એસ. સંલગ્ન યુનીવર્સીટીતમામ.

વિષય : "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"(NSS DAY)-૨૦૨૫ ની ઉજવણી બાબત
(તારીખ ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫).

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, વર્ષ ૧૯૬૯મા મહાત્મા ગાંધી જન્મ શતાબ્દી વરસે ગાંધીજીને પ્રિય એવા યુવાનોને રાષ્ટ્રીય સેવામાં જોડાવાવાના હેતુ સર "રાષ્ટ્રીય સેવા યોજના"ની શરૂઆત કરવામાં આવેલ હતી. આ યોજના ૨૪મી સપ્ટેમ્બર ૧૯૬૯ના રોજ શરૂ કરવામાં આવી હોય દર વરસે ૨૪મી સપ્ટેમ્બરનો દિવસ 'રાષ્ટ્રીય સેવા યોજના દિન" તરીકે ઉજવાય છે.

ચાલુ વર્ષે અગામી તા:૨૨ થી ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"ની ઉજવણી સરદાર પટેલ યુનિવર્સીટી,વલ્લભ વિધાનગરના યજમાનપદે ઉજવવાની મંજુરી આપવામાં આવેલ છે. આ પ્રોગ્રામની વિગત નીચે મુજબ છે.

કાર્યક્રમની તારીખ : તા:૨૨/૦૯/૨૦૨૫ થી ૨૪/૦૯/૨૦૨૫

કાર્યક્રમનું સ્થળ : સરદાર પટેલ યુનિવર્સિટી, એમ.પી પટેલ ઓડીટોરીયમ, વલ્લભ વિધાનગર, આણંદ

"એન.એસ.એસ ડે" ની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીઓએ પોતાની કક્ષાએ નીચે જણાવેલ સ્પર્ધાઓ યોજી વિજેતાઓના નામ પસંદ કરીને તા:૧૮/૦૯/૨૦૨૫ સુધીમાં **nss.spu@spuvvn.edu** પર મોકલી આપવાના રહેશે તથા અત્રેની કચેરીને પણ બિનચૂક મોકલી આપવાના રહેશે .

- જે યુનિવર્સિટી ૫૦૦૦ કરતા વધારે સ્વયંસેવકોની સંખ્યા ધરાવતી હોય તે યુનિવર્સિટીએ ગરબા સિવાયની સ્પર્ધા માટે પ્રથમ ૦૧ થી ૦૩ વિજેતાના નામ અને બાકીની યુનિવર્સિટીએ પ્રથમ ક્રમે આવેલ વિજેતાના નામની યાદી મોકલી આપવાની રહેશે અને ગરબા માટે દરેક યુનિવર્સિટીએ ૧૦ સ્વયંસેવકની યાદી મોકલી આપવાની રહેશે.
- "એન.એસ.એસ ડે"ની ઉજવણીમાં નીચે મુજબની સ્પર્ધા પ્રમાણે સ્વયંસેવકોની તથા યુનિવર્સિટીના એક નોડલ (પ્રોગ્રામ ઓફિસર)ની યાદી મોકલવાની રહેશે.

:: સ્પર્ધાઓની યાદી ::

૧	નિબંધ સ્પર્ધા	વિષય :	૧.સરદાર દીર્ઘ દ્રષ્ટા મહાપુરૂષ ૨. ગ્લોબલ વાર્મિંગ ૩. મૂલ્યવાન સમાજનાં નિર્માણમાં શિક્ષકનો ફાળો ૪."વન-નેશન વન ઈલેક્શન" ૫. સોશિયલ મીડિયા અને આજનો યુવા
		નિયમો:	૧.સ્પર્ધાનો સમય ૧ કલાકનો રહેશે ૨.નિબંધ સ્પર્ધાના સ્થળ પર લખવાનો રહેશે . ૩.લેખન સામગ્રી સ્પર્ધકોએ લાવવાની રહેશે
૨	વકૃત્વ સ્પર્ધા	વિષય :	૧.મૂલ્ય શિક્ષણ આજના પરિપેક્ષમાં ૨.૨૦૪૭ નું વિકસિત ભારત ૩.સોશિયલ મીડિયા અને નૈતિક જવાબદારી ૪. સાયબર સિક્યોરીટી ૫. સ્વદેશી અભિયાન અને પડકારો ૬.નશામુક્ત યુવા સ્વસ્થ ભારત
		નિયમો :	૧.સ્પર્ધાનો સમય ૦૭ મિનિટનો રહેશે. ૦૫ મિનીટ પછી વોર્નિંગ બેલ વાગશે . ૨.ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વક્તવ્ય આપી શકાશે.
૩	શીઘ્ર કાવ્ય સ્પર્ધા	નિયમો :	કાવ્યનો વિષય સ્થળ પર આપવામાં આવશે,જે ધ્યાને લઈને કાવ્યની રચના કરવાની રહેશે.
૪	ઇન્સ્ટ્રુમેંન્ટ (વાજિંત્ર) મ્યુઝીક સ્પર્ધા (વાધસંગીત હરિફાઇ)	નિયમો	૧. સ્પર્ધાનો સમય ચાર મીનીટનો રહેશે. ૨. વાજિંત્રોની વ્યવસ્થા દરેક ટીમે પોતાની રીતે કરવાની રહેશે.
૫	ગરબા સ્પર્ધા	નિયમો :	૧. વધુમાં વધુ ૦૫ મીનીટનો સમય રહેશે. ૨. ગરબાની CD,પેનડ્રાઇવ સાથે લઈને આવવું.
૬	એકપાત્રીય અભિનય	નિયમો	૧. સ્પર્ધાનો સમય વધુમાં વધુ પાંચ મીનીટનો રહેશે. ૨.ટેપ રેકોર્ડર નો ઉપયોગ થઇ શકશે નહી. ૩. સ્ટેજ અસ્વછ થાય તેવી વસ્તુઓનો ઉપયોગ કરવો નહી
૭	રંગોલી સ્પર્ધા(થીમ આધારિત રંગોલી નિદર્શન રજુ કરવાનું રહેશે)	નિયમો :	૧. જરૂરી મટીરીયલ સાથે લઈને આવવાનું રહેશે ૨.બે કલાકનો સમય રહેશે.

૮	સંસ્કૃત શ્લોક પઠન/ગાન સ્પર્ધા	નિયમો :	૧.સંસ્કૃત શ્લોકનું પઠન કરવાનું રહેશે. ૨.વધુમાં વધુ ૦૪ મીનીટનો સમય રહેશે.
૯	સોલો સોન્ગ	નિયમો :	૧.વધુમાં વધુ ૦૪ મીનીટનો સમય રહેશે. ૨.ફિલ્મી ગીત ગાઈ શકાશે નહિ ૩.મ્યુજિક સાધનો સાથે ગાઈ શકાશે નહિ.
૧૦	પોસ્ટર મેકિંગ	નિયમો :	૧. જરૂરી મટીરીયલ સાથે લઈને આવવાનું રહેશે ૨.બે કલાકનો સમય રહેશે ૩. ડ્રોઇંગ શીટ /ચાર્ટ પેપર અહીંથી આપવામાં આવશે.

❖ **"એન.એસ.એસ ડે" ઉજવણી કાર્યક્રમની/ સ્પર્ધાઓની વિગત નીચે મુજબ છે.**

તારીખ	**કાર્યક્રમની/ સ્પર્ધા**	**સ્થળ**
૨૨/૦૯/૨૦૨૫	રજીસ્ટ્રેશન ચા /નાસ્તો - સવારે ૦૮:૦૦ કલાકે **ઉદ્ઘાટન કાર્યક્રમ - સવારે ૧૦ :૦૦ કલાકે** ❖ નિબંધ સ્પર્ધા ,૧૨:૦૦ કલાકે ❖ વકતૃત્વ સ્પર્ધા, ૧૨:૦૦ કલાકે ❖ શીઘ્ર કાવ્ય સ્પર્ધા, ૧૨:૦૦ કલાકે ❖ એક પાત્રીય અભિનય, ૧૨:૦૦ કલાકે ❖ સોલો સોન્ગ , ૧૨:૦૦ કલાકે	જ્ઞાનોદય પરિક્ષા ભવન,સરદાર પટેલ યુનિ. • એમ.પી.પટેલ ઓડીટોરીયમ • મટીરીયલ સાયન્સ ડીપાર્ટમેન્ટ • આદિ શંકરાચાર્ય હોલ • કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ હોલ • એમ.પી.પટેલ ઓડીટોરીયમ • એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન હોલ
૨૩/૦૯/૨૦૨૫	રજીસ્ટ્રેશન ચા /નાસ્તો - સવારે ૦૮:૦૦ કલાકે ❖ ગરબા સ્પર્ધા, ૧૧:૦૦ કલાકે ❖ રંગોલી સ્પર્ધા , ૧૧:૦૦ કલાકે ❖ ઇન્સ્ટુમેંન્ટ(વાજિંત્ર) સ્પર્ધા,૧૧:૦૦ કલાકે ❖ સંસ્કૃત શ્લોક પઠન/ગાન સ્પર્ધા,૧૧:૦૦ કલાકે ❖ પોસ્ટર મેકિંગ	જ્ઞાનોદય પરિક્ષા ભવન,સરદાર પટેલ યુનિ. • એમ.પી.પટેલ ઓડીટોરીયમ • ભાઈકાકા લાયબ્રેરી • આદિ શંકરાચાર્ય હોલ • કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ હોલ • જ્ઞાનોદય પરિક્ષા ભવન,બીજો માળ

૨૪/૦૯/૨૦૨૫	**"એન.એસ.એસ ડે" સેલિબ્રેશન ,સ્ટેટ એવોર્ડ વિતરણ ,ઇનામ વિતરણ અને સમાપન કાર્યક્રમ**	• એમ.પી.પટેલ ઓડીટોરીયમ

- આ ઉજવણી સમારોહ દરમ્યાન ઉપર મુજબની સ્પર્ધાઓ કરવામાં આવશે. નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાના વિષયો નિયમો ઉપર મુજબના રહેશે. દરેક સ્પર્ધામાં શ્રેષ્ઠ વિજેતાઓને ૧ થી 3 કમાંક આપવામાં આવશે. જેઓને તા:૨૪/૦૯/૨૦૨૫ ના રોજ સન્માનિત કરવામાં આવશે .
- "એન.એસ.એસ ડે" ઉજવણીમાં ઉપરોક્ત સ્પર્ધાઓના દર્શાવેલ તારીખ મુજબ જ ભાગ લેવા આવવાનું રહેશે. ઉજવણી કાર્યક્રમ હાજર રહેવા માટે ઉપરોક્ત સ્થળે દર્શાવેલ તારીખના રોજ સવારના ૦૮:૦૦ કલાકે હાજર થઇને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- જે-તે દિવસે યોજાયેલ સ્પર્ધામાં વિજેતા જાહેર થયેલા સ્વયંસેવકો એ જ તા:૨૪/૦૯/૨૦૨૫ સુધી રોકાવાનું રહેશે,બાકીના સ્પર્ધકોએ જે-તે દિવસે જ પરત ફરવાનું રહેશે.
- એક સ્વયંસેવક કોઇપણ એક જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- આ ઉજવણી માટે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ નિયમોનુસાર એન.એસ.એસ યુનિટને ફાળવામાં આવેલ નિયમિત પ્રવૃતિની ગ્રાન્ટ માંથી કરવાનો રહેશે.
- **<u>અગાઉ એન.એસ.એસ. ડે માં ભાગ લીધેલ હોય તેવા સ્વયં સેવકોને સ્થાને જેણે અગાઉ ભાગ ના લીધો હોય તેવા જ સ્વયં સેવકોની જ પસંદગી કરવાની રહેશે. જેની તકેદારી પ્રોગામ ઓફિસર અને પ્રોગામ કો ઓર્ડીનેટરશ્રીએ રાખવાની રહેશે.</u>**

<u>નોંધ:</u>

- પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર્સએ એન.એસ.એસ ડે ની ઉજવણી માટે આવનાર સ્વયંસેવકોની પસંદગી તબક્કાવાર સ્પર્ધાઓ કરીને જ વિજેતા થયેલા સ્પર્ધકોના નામ પસંદ કરીને મોકલવાના રહેશે..
- તમામ સ્પર્ધાઓ માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.તેમાં કોઇ વાદ વિવાદ કરી શકશે નહી.
- દરેક સ્વયંસેવકોએ શિસ્તનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ વ્યવસ્થાપકો તરફથી આપવામાં આવનાર સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
- તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ઇનામ વિતરણ અને ભોજન બાદ વિજેતા સ્વયંસેવકો વિદાય લઇ શકશે.
- સ્પર્ધા અંગેના વિગતવાર નિયમો સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.
- **<u>ઉપર જણાવેલ સંખ્યા સિવાયના એક પણ વધુ સ્વયંસેવક કે વ્યવસ્થાપક લાવી શકશે નહી જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.</u>**

<u>::સંપર્ક સુત્ર ::</u>

- ડૉ.જાગૃતિ સુવેરા-(મો.નં. ૯૪૦૮૫૦૭૮૧૦) એન.એસ.એસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર
- ડૉ. રાજીવ ભટ્ટી- (મો.નં.૯૯૨૪૭૭૬૧૮૮) એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર
- ડૉ.અલ્પેશ પ્રજાપતિ-(મો.નં.૯૯૨૪૪૮૧૮૨૧) એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર.

- શ્રી વિપુલ રાઠવા -(મો.નં.૯૭૧૪૪૭૪૪૫૧) સીનીયર ક્લાર્ક, એન.એસ.એસ વિભાગ ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર

(ડી.ડી.આર.દરજી)
રાજ્ય એન.એસ.અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :

- ડૉ.જાગૃતિ સુવેરા એન.એસ.એસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર (કાર્યક્રમના આયોજન અને સંકલનની કામગીરી કરવા સારૂ)

નકલ રવાના જાણ સારૂ :

- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. રીજીયોનલ ડાયરેક્ટર, અમદાવાદ

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

:રસય/યુનિ./NSS Day 2025/૯૯૪૧-૯૦૦૨૪ તા. ૧૨/૦૯/૨૦૨૫

પ્રતિ ,
એન.એસ.એસ પ્રોગામ કો-ઓર્ડીનેટરશ્રી,
તમામ એન.એસ.એસ. સંલગ્ન યુનીવર્સીટીતમામ.

વિષય : "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"(NSS DAY)-૨૦૨૫ ની ઉજવણી બાબત
(તારીખ ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫).

સંદર્ભ : અત્રેની કચેરીના પત્રક્રમાંક:રસય/યુનિ/NSS Day 2025/9865-9940 તા.૧૧/૦૯/૨૦૨૫

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી એન.એસ.એસ. ડે ની ઉજવણીનાં પત્રમાં ક્રમ-૫ માં જણાવેલ સ્પર્ધાનાં નિયમોમાં **સુધારો** કરવામાં આવે છે.

:: સ્પર્ધાઓની યાદી ::

૫	ગરબા સ્પર્ધા	નિયમો :	**૧. વધુમાં વધુ ૧૦ મીનીટનો સમય રહેશે.** ૨. ગરબાની CD,પેનડ્રાઈવ સાથે લઈને આવવું.

ઉક્ત મુજબના સુધારાને ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

(ડૉ.ડી.આર.દરજી)
રાજ્ય એન.એસ.એસ.અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :

- ડૉ.જાગૃતિ સુવેરા એન.એસ.એસ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિધાનગર (કાર્યક્રમના આયોજન અને સંકલનની કામગીરી કરવા સારૂ)

નકલ રવાના જાણ સારૂ :

- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. રીજીયોનલ ડાયરેક્ટર, અમદાવાદ